**WE SERVE TO SAVE**

રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી

બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ઈ-મેલ: dir.sfps@gmail.com, ટેલિફોન નં.૦૭૯-૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦.

ક્રમાંક: સફસ/ફન- ૮૫.૧/૭૪૯ /૨૦૨૧ તા.૨૫/૦૬/૨૦૨૧

વિષય:- ફાયર સેફટી સર્ટિફિકેટ ઈશ્યુ કરવા બાબત સ્પષ્ટતા થવા બાબત.

## <u>પરિપત્ર:-</u>

સરકારશ્રી દ્વારા ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસૂચિ મુજબનાં બિલ્ડીંગો માટે નિયમ -૨૩(૧) ની જોગવાઈ મુજબ ફાયર સેફટી સર્ટીફિકેટ (ફાયર NOC) ઈશ્યુ કરવાની જોગવાઈ થયેલી છે. વખતોવખત રાજયના રીજીયનલ ફાયર ઓફીસર/ચીફ ફાયર ઓફીસર સાથે મીટીંગો દરમ્યાન ક્ષેત્રિય કક્ષાએ કામગીરી દરમ્યાન ફાયર NOC ઈશ્યુ કરવા મામલે અમૂક મુશ્કેલીઓ અનુભવાય છે. જેથી આ બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી બને છે.
શૈક્ષણિક સંસ્થાઓનાં કિસ્સામાં જે ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક(સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસુચીમાં જણાવ્યાનુંસાર ૯ મી ઉંચાઇ અને/ અથવા ૫૦૦ચો.મી. કોઈ એક કે વધુ માળનાં ક્ષેત્રફળથી ઓછાં ઉંચાઇ/ક્ષેત્રફળનાં કિસ્સામાં શૈક્ષણિક સંસ્થા દ્વારા ફાયર સેફટી સર્ટીફિકેટ લેવાની જોગવાઇ સંદર્ભે વિશેષ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, જે શૈક્ષણિક સંસ્થા ૯ મીટર કે તેથી વધુ ઉંચાઇ ધરાવતી હોય તેમજ એમા જો બેઝમેન્ટ હોય તો એનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મીથી વધુ હોય તેવા કિસ્સામાં જ સંબંધિત ફાયર અધિકારી પાસેથી જ ફાયર સેફટી સર્ટીફિકેટ નિયમોનુસાર મેળવવાનું રહે છે. આ સિવાયના કિસ્સાઓમાં કે જેમાં શૈક્ષણિક સંસ્થા કે જેની ઉંચાઇ ૯ મીટરથી ઓછી હોય તેવા કિસ્સામાં ફ્લોર એરિયા ધ્યાને લીધા સિવાય એવી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે ફાયર સેફટી અંગેની જરૂરી વ્યવસ્થા શૈક્ષણિક સંસ્થા દ્વારા કરી એ મતલબનું સેલ્ફ સર્ટીફીકેશન કરી એવું સર્ટીફીકેટ મંજૂરી આપનાર ઓથોરીટીને મોકલી આપવાનું રહેશે. આ ૯ (નવ) મીટરથી ઓછી ઉંચાઇ વાળી તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ માટે આ સાથે સામેલ ચેક લીસ્ટ મુજબની વ્યવસ્થા કરી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે પ્રમાણપત્ર સહ શૈક્ષણિક સંસ્થાને મંજુરી આપનાર

ઓથોરીટીને મોકલી આપવાની રહે છે. દરેક જીલ્લામાં શિક્ષણ વિભાગનાં નિરિક્ષકશ્રી કે અન્ય અધિકૃત અધિકારી દ્વારા પણ આ ચેક લીસ્ટ મુજબ વખતો-વખત ચકાસણી કરવાની રહેશે.

નિયામક
રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના-

1. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
3. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
4. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી(શૈક્ષણિક સંસ્થાઓ), ગાંધીનગર.
6. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
7. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર.
9. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.
10. રીજીયોનલ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ.

નકલ રવાના:-

1. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તમામ.
2. રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, વડોદરા, ગાંધીધામ, રાજકોટ, ગાંધીંગર, સુરત.
3. ચીફ ફાયર ઓફિસરશ્રી, મહાનગરપાલિકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.

---

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત**

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ

............... જાણ તથા અમલ થવા સારું.

ક્રમાંક:એસ.એ.(પરિપત્ર)/૭૭૫૦/૨૦૨૧
તા. ૧૦/૦૬/૨૦૨૧

**ઈ.ચા.કુલસચિવ**

## <u>ચેક લીસ્ટ</u>

## <u>૯ મીટર કે ૯ મીટર કરતા ઓછી ઉચાઈ ધરાવતી શૈક્ષણીક સંસ્થાઓ ની ઈમારતોમાં લઘુતમ ફાયર સેફ્ટીની સુવિધા કરવા બાબત.</u>

૧. જે માત્ર ગ્રાઉન્ડ ફ્લોર ધરાવતી શૈક્ષણીક ઈમારતો

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં)<br>જેમાં ૧ – 4.5 k.g. Type $CO_2$ Fire Extinguishers,<br>૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |

૨. જે માત્ર ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી હોય તેવી ગ્રાઉન્ડ ફ્લોર + પ્રથમ માળ અને ગ્રાઉન્ડ + પ્રથમ + બીજો માળ ધરાવતી શૈક્ષણીક ઈમારતો.

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં)<br>જેમાં ૧ – 4.5 k.g. Type $CO_2$ Fire Extinguishers,<br>૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |
| ૨ | હોઝ-રીલ હોઝ એસમ્બલી | દરેક માળે ૧૦૦૦ ચો.મી. વિસ્તારે એક પ્રમાણે |
| 3 | પાણીની ટાંકી(ટેરેસ લેવલ) | ૧૦૦૦૦ લિટર |
| ૪ | ફાયર પમ્પ(ટેરેસ લેવલ) | ૪૫૦ એલ.પી.એમ. કેપેસીટી નો ઈલેક્ટ્રીક પમ્પ |